દિવ્યભાસ્કર
તા 23/7/13

# સુરત મહાનગરપાલિકા

**યોજના: (કોસાડ-ભરથાણાકોસાડ-મોટાવરાછા-અબ્રામા) વિસ્તારની નગર રચના યોજના સુરત નં.૮૪ (કોસાડ-ભરથાણા કોસાડ-મોટાવરાછા-અબ્રામા) તૈયાર કરવા બાબત.**

## અધિસૂચન

ગુજરાત સરકાર વિકાસ અનેશહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.૨૭/૧૨/૦૯ના હુકમ ક્રમાંક: જીડીએ-૧૧૨૦૦૯-૨૭૯૫-વ થી સુરત શહેરી વિકાસ સત્તા મંડળને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૨૨ હેઠળ વિકાસ નિયંત્રણોની, ડ્રાફ્ટ ટી.પી.સ્કીમો બનાવવાની અને તેનો અમલ કરવાની તમામ સત્તાઓ સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરવા આદેશ કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એક્ટ નં.૨૭)ની કલમ-૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિમાં ઠરાવ નં.૦૮/૨૦૧૩, તા.૧૫-૦૪-૨૦૧૩ થી ઠરાવ્યા મુજબ નકશા નં.ટીપીએસ/૮૪માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી બતાવેલ મોજે: કોસાડ, ભરથાણા કોસાડ, મોટાવરાછા, અબ્રામા વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં.૮૪ (કોસાડ-ભરથાણા કોસાડ-મોટાવરાછા-અબ્રામા) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત
તા.૨૨-૦૪-૨૦૧૩
નં.પીઆરઓ/૫૫/૨૦૧૩-૧૪

કમિશનર
સુરત મહાનગરપાલિકા

## -: ઠરાવ :-

**સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૧૫-૦૪-૨૦૧૩ની રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો:-**

XXXXXXXXX

મ્યુ.કમિશનરશ્રીનાં તા.૨૮-૦૩-૨૦૧૩નાં પત્ર નં.ટીપીએસ/૦૮/૩૮ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાની હદ સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં.૮૪ (કોસાડ-ભરથાણા કોસાડ-મોટાવરાછા-અબ્રામા) તૈયાર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ નકશામાં ગુલાબી ઘેરા રંગથી સળંગ રેખાથી દર્શાવેલ વિસ્તારમાં નગર રચના યોજના સુરત નં.૮૪ (કોસાડ-ભરથાણા કોસાડ-મોટાવરાછા-અબ્રામા) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસૂચન મંજુર કરવાનું તથા સદર અધિસૂચનની બહોળી ફેલાવો કરવા બે સ્થાનિક દૈનિકપત્રોમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું તથા ઈરાદો જાહેર કર્યા મુજબ તેને સરકારશ્રીનાં રાજપત્રોમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં.૦૮/૨૦૧૩ સર્વાનુમતે મંજુર